છે જો પારસી કોમ જરથોસ્તી દીનના ફરમાન મુજબનું આવું કોઈ કાર્ય કરે, તોજ ક્રિમેટોરીઆમની ચળવળ અટકશે. જો આમ નહી બને, તો ક્રિમેટોરીઆમની ચળવળ આગળજ વધશે. કારણ કુદરતમાં ઈલ્લત (કારણો) અને માલુલ (પરિણામો)નો કાયદો છે. કુદરતના કાયદાઓ મુજબ અમુક કારણો પેદા પડવે, અમુક પરિણામો પેદા પડવાજ જોઈએ છે. આમારા ઉસ્તાદ સાહેબ બેહરામશાહજી ચીચવાઈ ચીચવાઈને બુમો પાડીને, આ દુન્યા છોડી ગયા છે કે આ **તમારી આરામગાહો રૂવાનો માટેની આફતગાહો છે,** અને યાદ રાખજો કે આ તમારી આરામગાહો વખતના વહેવા સાથે આખી પારસી કોમને સુઈયાની માફક ખુંજતી બનશે. આજે તે સમય આવીને કોમમાં ઉભો રહ્યો છે. આરામગાહો ઉભી થઈ ચુકી, તો હવે કોમમાં ક્રિમેટોરીઆમની પ્રથા ચાલુ કરવાને માટેની હીલચાલ થઈ રહી છે. બેહનો અને ભાઈઓ, જેઓ આવી હીલચાલ કરે છે, તેઓ તરફ આપણે મોહબત બતાવવાની છે, તેઓને માટે આપણે ભલી દુવાઓ કરવાની છે. તેઓ માટે કડવા સુખુનો ઉચ્ચારવાની કાંઈ જરૂર નથી, આપણે સાચા બસ્તે કુસ્તીઆનો હોઈએ, તો દાદાર અહુરમઝદ અને પેગામબર આશો જરથુશ્ત્ર સાહેબને આપણી બંદગી દરમીઆન અરજ ગુજારી કરવાની છે, કે આમારા કોઈક ભાઈઓ બહેનોનો દીની એતેકાદ ભુંડા જમાનાનો દેવ લુંટી ગયો છે, **"યો તાયુ યો ગદો યો અષવજ"** ચોર ડાકુ અને ખુની બનીને ભૂંડો જમાનો એવાં કોઈકોનો દીની એતેકાદ લુંટી ચુકો છે, અય પાક દાદાર અહુરમઝદ અને આશો જરથુશ્ત્ર **સાહેબ, આવા આમારા હમદીનો ઉપર એવી કોઈ દુવાઓ ઉતારો, કે તેઓ નો લુંટાઈ ગયલો દીની એતેકાદ, તેઓને પાછો હાસલ થાય,** કારણ તે સીવાય કોઈ બીજી રીતે તેઓનો એતેકાદ રોશન થનારજ નથી અને તેઓના એતેકાદમાં ફેરફાર પડવાનો નથી. આજે કોઈક સાહેબો એમ કહે છે કે ક્રિમેટોરીઆમમાં તમામ શબ ભષ્મ થઈ જાય છે. આમારા ઉસ્તાદ સાહેબ બેહરામશાહજીએ પોતાના જરથોસ્તી દીનના ક્નુમના ઉંડા જ્ઞાન મુજબ કહ્યું છે, કે આતશમાં બાળવાથી કોઈ પણ ચીજ નાશ પામતી નથી પણ તેનો સ્વરૂપ બદલો થાય છે, જરથોસ્તીના શબને જ્યારે બાલવામાં આવે છે ત્યારે તે બલીને, તે શબનો અમુક ભાગ રાખ તરીકે જમીન ઉપર પડે છે. પણ શબના બીજા ભાગો બળી, વરાળ રૂપ થઈ "વયુ ઉપરકર્ય" એટલે હવાની વાતાવરણના અમુક ભાગમાં, અધ્ધર અમુક પ્રતિબીમ્બ (રૂપે લટક્તા રહે છે આવા પ્રતીબીમ્બ)ની અંદર ઘણીજ ખરાબ પ્રકારની બદબુ પેદા પડે છે, "વયુ ઉપરોકઈર્ય"માં એટલે વાતાવરણના જે હવાના બે પડો છે, એક "વાયવેહ" એટલે ભલા વાયનું પડ છે અને બીજું નીચલું "વાયે સગીતર" એટલે એપી વાયનું પડ, તેમાંના "વાયે વેહ"ના ઉપલાં પડમાં, તે પ્રતિબીમ્બ જઈને, ત્યાં પોતાનો ચેપ ફેલાવે છે. ના, એટલુંજ બનતું નથી. પણ બસ્તેકુસ્તીઆનોના શબ બનેલા જડ તનની અંદર, રૂવાનની અમુક કીંમતી મતા સમાયલી હોય છે તે કીંમતી મતા શબને બાળવે, ત્યાંથી નીકળી તે કીમતી મતા પાછી પેલાં પ્રતિબીમ્બની અંદર કેદ પડે છે. આ બધી બાબદની ઈલ્મીઆત એટલી વિસ્ત્રુત છે, કે તે તમોને સમજાતા માંગુ તો કલાકોના કલાકો જોઈએ, પણ હું આજે માત્ર ઉપલ્લેકીયો સાધારણ ખ્યાલ આપવાની કોશેશ કરૂં છું. ઈનસાનના શરીરની અંદર બે ચીઝો અથવા બે મુખ્ય તત્વો છે, એક ચીઝ જીવજાન છે અને બીજી ચીઝ તેજ જીવજાનનો નાશ કરનારી **"બ્રએષ"** નામની ચીઝ છે. આપણામાં જીતજાન છે, તેને લીધે સાત, આઠ, નવ, અથવા દસ પાઉન્ડનું જન્મેલું બાળક બે, ત્રણ, ચાર, અથવા પાંચ મણની કાયાનું માનવ બનીને ઉભું રહે છે. આવી રીતના બાળકમાંથી મોટા માનવમાં, જડ તન અને શારીરીક બંધારણની પ્રગતિ કરનારી વસ્તુ, તે માનવની અંદરની "ગવ" એટલે જીવજાન આપનારૂં તત્વ છે. અમુક વરસો વીત્યા બાદ તે ગવ થાકી જાય છે, કારણ તેની ઉપર માનવની હયાતી દરમીઆન ખુબ માર પડે છે, આખરે જ્યારે આમ માર ખાઈને ગવ ખુબ ઢીલી પડી જાય છે, ત્યારે શરીરમાં બીમારીઓ દાખલ થાય છે અને બીમારીઓ જ્યારે અમુક પ્રમાણનું જોર પકડે છે, ત્યારે માનવનું મૃત્યુ થાય છે. આવી બધી ચીઝોની, વિજ્ઞાન અથવા સાયન્સના જેવી ઉંડી જરથોસ્તી દીનની સમજ ઈલ્મે ક્નુમની (ફીલસુફીમાં આપેલી છે. ઈલ્મે ક્નુમની) સમજ મુજબ ઈનસાનના જડ શરીરનું જે અનુ છે તેને "વોહુન" કરીને ઓળખાવેલું છે. આ વોહુનના દરેક અનુની અંદર જીવ-


Estd. : 1916 Tel. : 313633-34

**DAIRY PRODUCTS**
**&**
**INDIAN SWEETMEATS**

***PARSI***
***DAIRY FARM***

**261-63, PRINCESS STREET**
**BOMBAY 400 002.**